दाखल तारीख ०३–०४–२०२१

દાખલ તારીખ ૦૩–૦૪–૨૦૨૧
નોંધણી તારીખ ૦૩–૦૪–૨૦૨૧
ફેંસલ તારીખ ૧૧–૦૯–૨૦૨૧
સમય ગાળો:– વર્ષ માસ દિવસ
૦૦–૦૫–૦૮

---

**બીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.પાટણ**

---

**ફોજદારી કેસ નંબર :–૨૯૬૨/૨૦૨૧**

આંક :–૦૪

**ફરીયાદી :–** શ્રી સરકાર.........

–:: **વિરૂઘ્ઘ** ::–

**આરોપી :–** પટણી વિકીભાઈ દશરથભાઈ,
ઉ.વ.આ.૨૭, ધંધો–ડ્રાઈવીંગ,
રહે.પાટણ, રોકડીયા ગેટ કુંભારવાસ,
તા.જી.પાટણ.

ગુનો :– **ઈ.પી.કોડની કલમ– ૨૮૩ મુજબ.**

–:: **ક બુ લા ત ઠ રા વ** ::–

**૧.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૭/૧૦/૨૦૨૦ ના રોજ ક.૧૮/૦૦ વાગે મોજે પાટણ ટાઉન મોતીશા દરવાજા જાહેર રોડ ઉપર પોતાની રીક્ષા નં.જીજે.૨૪.ડબલ્યુ.૨૭૭૪ ની જાહેર રોડ ઉપર ભયજનક સ્થિતિમાં આવતા જતા રાહદારી તથા વાહનોને અડચણરૂપ થાય તે રીતે ઉભી રાખેલ હાલતમાં મળી આવી પકડાઈ જઈ, ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ હોવા બાબતેની ફરીયાદીની ફરીયાદ આધારે પાટણ સીટી એ ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૭૦૧૯૨૦૧૧૪૨/૨૦૨૦ થી

ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આગળની તપાસના અંતે આરોપી વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ−૨૮૩ મુજબના ગુનાનું ચાર્જશીટ કરી અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

૨. સદર કામે ચાર્જશીટ સાથે આરોપીને હાજર રાખવામાં આવતા, આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ−૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિનામુલ્યે મળ્યાની ખાતરી કરવામાં આવેલ અને આરોપી તેની સામેનો ગુનો કબુલ કરવા માગતો હોય, તે અંગેની લેખિત ગુના કબુલાત પુરસીસ આંક−૦૨ થી રજુ કરેલ છે. જેથી આરોપીને તેની સામે આક્ષેપાયેલ ગુના અંગેની સમજ કરવામાં આવેલ છે અને આરોપીએ કોઈપણ જાતના દબાણ વગર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે અને આરોપીની આંક−૦૩ થી પ્લી રેકર્ડ કરતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૩. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છીક રીતે કબૂલ કરતો હોય અને તે અંગેની લેખિત ગુના કબૂલાત પુરસીસ રજુ કરેલ છે તેમજ આરોપીએ તેની ગુના કબૂલાત પુરસીસમાં જણાવેલ છે કે, તેઓ ગરીબ મજુરી વર્ગના માણસ છે, મજુરી કરી તેઓના કુટુંબનું ભરણપોષણ કરે છે અને તેઓને ગુનો કબુલ છે અને તેઓની પરિસ્થિતિને ધ્યાને લઈ યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે. આમ આરોપી તેની સામેનો ગુનો સ્વૈચ્છિક રીતે કબુલ કરતો હોય, આરોપીની સ્વૈચ્છિક ગુના કબુલાતનો સ્વીકાર કરી, કેસની હકીકતો અને સંજોગો ધ્યાને રાખી સદરહુ ગુનામાં આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

−: **હુકમ** :−

- આ કામના આરોપી પટણી વિકીભાઈ દશરથભાઈ, રહે.પાટણ, રોકડીયા ગેટ કુંભારવાસ, તા.જી.પાટણવાળાને ક્રિ.પ્રો.કોડની કલમ−૨૫૨ અન્વયે તેની સામેના ઈ.પી.કોડની કલમ−૨૮૩ મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, રૂા.૫૦/− અંકે રૂપિયા પચાસ પુરા દંડ અને જો આરોપી દંડની રકમ ન ભરે તો દિન−૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

- આરોપીએ કુલ દંડ રૂા.૫૦/– અંકે રૂપિયા પચાસ પુરા ભરવા.
- આરોપીના જામીનખત તથા જાત મુચરકો રદ ગણવા.

આ હુકમ આજરોજ, તા.**૧૧મી,** માહે.**સપ્ટેમ્બર,** સને.**૨૦૨૧** ના રોજ મેજીસ્ટ્રેટની સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૯/૨૦૨૧
પાટણ.

**(એજાઝઅલી મખમુદઅલી બુખારી)**
બીજા અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાટણ
Code No.GJ-01492.

**(R.B.CHAUHAN)**